મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

મેડીકલ કૉલેજનો પદવીદાન સમારોહ યોજાયો

૧૩૭ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે એમબીબીએસની પદવી એનાયત કરાઈ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજનો પ્રથમ પદવી દાન સમારોહ આજે સવારે મેડીકલ કોલેજના ઓડીટોરીયમ હોલ ખાતે ધામધુમથી યોજાયો હતો. આ પદવીદાન સમારોહમાં મેડીકલ એજ્યુકેશન સોસાયટીના ચેરમેન પુનમચંદ પરમારના હસ્તે ૧૩૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોને એમબીબીએસની પદવી એનાયત કરવામાં આવી હતી.

આજે પાટનગરની મેડીકલ કોલેજની પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહનું આયોજન કરાયું હતું. રાજયનું પાટનગર પહેલા કર્મચારી નગરી તરીકે ઓળખાતું હતું. પરંતુ શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓના લીધે હજારો વિદ્યાર્થીઓ શહેરમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરતા હોવાથી શિક્ષણ નગરી બની જવા પામ્યું છે. ત્યારે પાટનગરમાં કેજી થી લઈને એમબીબીએસ સુધીનો અભ્યાસ ચાલતો હોવાથી ભારતભરમાંથી વિદ્યાર્થીઓ આવે છે. જયારે પાટનગરની મેડીકલ કોલેજમાં આગામી સમયમાં પીજીનો અભ્યાસકમ શરુ થવાની તૈયારીમાં છે. ત્યારે જીએમઈઆરએસ સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજની વર્ષ ૨૦૧૨ની ડોક્ટરની પ્રથમ બેચના ૧૩૭ વિદ્યાર્થીઓને જીએમઈઆરએસ સોસાયટીના સીઈઓ ડો.જે.જી.બુચ, મેડીકલ કોલેજના ડીન ડો.અરુણ વ્યાસ, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો.બિપિન નાયકના હસ્તે ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે મેડીકલ એજ્યુકેશન સોસાયટીના ચેરમેન પુનમચંદ પરમાર અને સોસાયટીના સીઈઓએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું. જયારે વિદ્યાર્થીઓએ પણ પાંચ વર્ષ દરમિયાન અભ્યાસની સાથે જુની વાતો વાગોળતા દરેક વિદ્યાર્થીઓની આંખ ભીની બની હતી. ઉપસ્થિત મહેમાનોને કોલેજ પરિવાર દ્વારા બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યકમનું એન્કરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. ઓડીટોરીયલ હોલ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓથી ખીચોખીચ ભરાઈ જવા પામ્યો હતો. જયારે કાર્યકમને સફળ બનાવવા માટે કોલેજ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યકમના અંતે સૌ સ્વરુચી ભોજન લઈને છુટા પડ્યા હતા.

@ગાંધીનગર

● ચૈત્રી નવરાત્રીના પાવન અવસર પર રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૯૫૩/૧, સેકટર-૫-સી ગાંધીનગર ખાતે યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

યુનિવર્સલ ગ્રુપ દ્વારા ટ્રેકિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના યુનિવર્સલ ગ્રુપ દ્વારા સમર વેકેશનને અનુલક્ષી આબુ, મનાલી, ડેલહાઉસી વગેરે જેવા સ્થળોએ ટ્રેકિંગ એડવેન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રેકિંગ એડવેન્ચર પ્રવૃત્તિમાં ટ્રેકિંગ, માઉન્ટેનવોક, જંગલ ટ્રેક, કલાઈમ્બીંગ, રેપ્લીંગ, કેમ્પફાયર નાઈટ ટ્રેકિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ કેમ્પમાં જોડાવવા ઈચ્છુક વ્યકિતઓએ વહેલા તે પહેલાના ધોરણે સે-૧૨ પ્લોટ નં. ૩૮૬/૧ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે અથવા જયદીપ વાઘેલા ૯૪૨૯૮૨૬૫૧૯ અને જતીન દવે ૯૭૨૫૦૭૨૩૨૨નો મોબાઈલ પર સંપર્ક કરવા આયોજકોએ જણાવ્યું છે.

ફેસિલિએટર બહેનો પડતર પ્રશ્નો મુદ્દે સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે સવારના ૧૧ વાગ્યાના અરસામાં આરોગ્ય વિભાગમાં ફેસિલિએટર તરીકે સેવા બજાવતી બહેનો પોતાના પડતર પ્રશ્નો અંગેની રજુઆત માટે આવી પહોંચી હતી. પરંતુ પોલીસની પરવાનગી નહીં હોવાથી તે બહેનોને પોલીસે ડીટેઈન કરી લીધા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના પડતર પ્રશ્નો અંગે કોઈ નિર્ણય ન આવતા બહેનોએ સરકાર સામે આક્રોશ વ્યકત કર્યો હતો.

આરોગ્ય વિભાગ દ્વારા પરિક્ષા લઈને ૧૧ માસના કરાર આધારીત ફેસિલિએટર બહેનોને નોકરી પર રાખવામાં આવે છે. દસ આશાવર્કર બહેનો દીઠ એક ફેસિલિએટરની નિમણુંક કરવામાં આવે છે. આશાવર્કર બહેનો સાથે રહીને સુપરવિઝન કરવું અને તેઓને માર્ગદર્શન પુરુ પાડવું તેમજ કામગીરીમાં મદદરુપ થવું તેના બદલામાં ૨૦ દિવસની કામગીરી માટે રોજના ૨૦૦ લેખે માત્ર રૂ.૪૦૦૦ ભાડા ભથ્થા તરીકે આપવામાં આવે છે. પરંતુ બહેનો પાસે પુરો મહિનો કામ લેવામાં આવે છે. ત્યારે કારમી મોંઘવારીમાં આટલા રૂપીયામાં જીવન નિર્વાહ કરવો મુશ્કેલ પડે છે. ત્યારે ફેસિલિએટર બહેનોની મુખ્ય માંગણીઓમાં ફેસિલિએટર બહેનોને કાયમી કર્મચારીનો દરજ્જો આપવો, માસિક ભથ્થુ રૂ.૪૦૦૦ બંધ કરીને રૂ. ૧૬૦૦૦ પગાર ફિકસ આપવો, આરોગ્ય અને જીવન વિમો આપવામાં આવે, સિન્યોરીટી પ્રમાણે પ્રમોશન આપવામાં આવે, ફરજ દરમિયન મૃત્યુના કિસ્સામાં બહેનોના પરિવારને રૂ.૪ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવે તેમજ સરકારી ધારા ધોરણ મુજબ મેટરનીટી લીવનો સમાવેશ થાય છે. સરકાર સમક્ષ વારંવાર પડતર પ્રશ્નોની રજુઆત છતા યોગ્ય નિવેડો ન આવતા બહેનોમાં રોષ ફાટી નીકળ્યો છે. ટુંક સમયમાં યોગ્ય નિર્ણય નહીં આવે તો ઉગ્ર આંદોલન કરે તો નવાઈ નહીં.

સાદરા રોડ પરથી દારૂ ભરેલી સેન્ટ્રો કાર ઝડપાઈ

એલસીબીની ટીમે ૧.૮૪ લાખના મુદ્દામાલ સાથે દોલારાણા વાસણા ગામના બે શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમે ચોક્કસ બાતમી આધારે હિંમતનગર-ચંદ્રાલા હાઈવે ઉપર દારૂની હેરાફેરી કરતી સેન્ટ્રો ગાડીને પકડવા વૉચ ગોઠવી હતી. જીજે.૧૮.બીડી.૦૨૬૧ નંબરની સેન્ટ્રો ત્યાંથી નીકળતા તેનો પીછો કરી સાદરા રોડ ઉપર મોતીપુરા ગામના પાટીયા પાસેથી ગાડી પકડી પાડી હતી. સેન્ટ્રોમાં તપાસ કરતા અંદરથી ૧૦૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીની ટીમે રૂ. ૩૪,૮૦૦નો દારૂ તથા દોઢ લાખની ગાડી મળી કુલ રૂ. ૧.૮૪ લાખના મુદ્દામાલ સાથે દોલારાણા વાસણા ગામના બે શખ્સો રવિન્દ્ર ઈન્દ્રસિંહ રાઠોડ અને મીથીલ ઉપેન્દ્રકુમાર મહંતની ધરપકડ કરી લીધી છે. બંને શખ્સો ક્યાંથી માલ લાવ્યા હતા અને ક્યાં લઈ જવાના હતા તે સહિતની વિગતો બહાર લાવવા તપાસ શરૂ કરવામાં આવી છે.

મહેસુલ વિભાગમાં ડે. કલેકટર, મામલતદાર અને રેવન્યુ તલાટીની સીધી ભરતી થશે

રાજયના મહેસુલ મંત્રીએ મહેસૂલ વિભાગની સિધ્ધીઓ વર્ણવી ટૂંકા ગાળામાં અધિકારી-કર્મચારીઓની નવી ભરતી કરવાની જાહેરાત કરી છે.

રાજયના મહેસૂલ વિભાગમાં છેલ્લા ઘણા સમયથી તલાટી, મામલતદાર, ડે. કલેકટર અને નાયબ મામલતદાર જેવા પદો ખાલી છે અથવા તો ચાર્જમાં ચાલે છે. પરિણામે મહેસૂલી કામગીરીમાં ખલેલ અને અડચણ પેદા થાય છે અને વિભાગીય કામગીરી યોગ્ય રીતે ન થતા અરજદારોને ભારે પરેશાની ભોગવવાનો વારો આવે છે ત્યારે મહેસુલ વિભાગમાં કર્મચારીઓની ઘટ દૂર કરવા મહેસૂલ મંત્રીએ કમર કસી લીધી છે. આજે વિધાનસભામાં બોલતા મહેસૂલ મંત્રી કૌશિક પટેલે તેમના વિભાગની સિધ્ધીઓ વર્ણવી કર્મચારીઓની નવી ભરતી કરવા જાહેરાત કરી છે.

મહેસૂલ મંત્રીએ જણાવ્યું હતું કે ટૂંકા સમયમાં જ સીધી ભરતીના આધારે મહેસૂલ વિભાગમાં ૧૮૦૦ મહેસૂલી તલાટી, ૪૦ ડે. કલેકટર, ૬૯ મામલતદાર અને ૧૦૦ નાયબ મામલતદારની જગ્યાઓ ભરવામાં આવશે. જેથી મહેસૂલ વિભાગના પડતર પ્રશ્નોનું ઝડપી નિરાકરણ થશે અને અરજદારોને પણ રાહત થશે.

સરદાર પટેલની પ્રતિમા પર બોટલનો હાર પહેરાવનાર ટોળકી પકડાઈ

શેરથા ગામમાં પ્લાસ્ટીકની બોટલોનો હાર પ્રતિમા ઉપર પહેરાવી દેવાતા ભારે વિવાદ સર્જાયો હતો : પાંચ પૈકી ચાર સગીર વયના છે

ગાંધીનગર, તા.૨૩

અડાલજ-કલોલ રોડ ઉપર આવેલા શેરથા ગામમાં દશ દિવસ પહેલા સરદાર પટેલની પ્રતિમા ઉપર કોઈ શખ્સો પ્લાસ્ટીકની બોટલોનો હાર ચઢાવી ગયું હતું અને પ્રતિમાની પાસે સ્ટીલના હાથાવાળુ પોતુ પણ મુકીને કોઈ ફરાર થઈ ગયું હતું. આ કૃત્યથી પાટીદારોમાં ભારે રોષ ફેલાયો હતો. આ મામલે અડાલજ પોલિસ સ્ટેશનમાં ગુનોપણ દાખલ થયો હતો. આ મામલે અડાલજ પોલિસે પાંચને દબોચી લીધા છે. પાંચ પૈકી ચાર સીગર વયના હોવાનું જાણવા મળ્યું છે અને આ કૃત્ય રમત રમતમાં થઈ ગયું હોવાનું અને કોઈ ઈરાદાપૂર્વકનું કૃત્ય ન હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

શેરથા ગામમાં સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ઉપર ૨૧ માર્ચે પ્લાસ્ટીકની બોટલોનો તેમજ કરણના ડાળખાનો હાર ચડાવ્યો હતો. તે ઉપરાંત ૧૩ માર્ચે આ પ્રતિમા પાસે સ્ટીલના હાથાવાળુ પોતું મુકી કોઈ શખ્સ ભાગી ગયું હતું. આ ઘટનાઓને પગલે પાટીદાર સમાજમાં ભારે રોષ ફેલાયો હતો અને ભારે વિવાદ થયા બાદ આ મામલે શેરથાના હસમુખભાઈ મંગળદાસ પટેલની ફરિયાદ આધારે અડાલજ પોલિસે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો. અડાલજ પી.આઈ. જે.જી.વાઘેલાની ટીમે આજે બાતમીને આધારે આ કૃત્ય આચરનાર ટોળકીને પકડી પાડી છે. પોલિસે પાંચ શખ્સોને દબોચી લીધા છે. જેમાં ચાર સગીર હોવાનું ધ્યાને આવ્યું છે. પ્રતિમા ઉપર પ્લાસ્ટીકની બોટલોનો હાર ચઢાવનાર ૨૦ વર્ષીય ધવલ જગદીશ ચૌહાણ તથા અન્ય ચાર સગીરને પકડી પાડયા છે. શેરથાના ચાર સગીરો પૈકી હાલ એક સગીર ધો-૧૦ની બોર્ડની પરીક્ષા આપી રહ્યો છે. પ્રતિમા ઉપર પોતું મુકનાર પુન્દ્રાસણ ગામનો સગીર છે. આ ટોળાએ રમત રમતમાં આ કૃત્ય આચર્યું હોવાનું તપાસમાં ખુલ્યું છે.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલયસંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન એચ.આર. પટેલ બી.એડ. કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્સનાલીટી ડેવલપમેન્ટ અંગે પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું હતું.

આ વ્યાખ્યાનમાં વકતા તજજ્ઞ તરીકે નિલેષ પટેલે જીવનમાં તણાવ મુકત કઈ રીતે રહી શકાય, વર્તમાન સમયમાં કઈ રીતે આનંદ મેળવવો એક બીજાના પૂર્વગ્રહો સંબંધો કઈ રીતે સુધારવા વગેરે વિષય પર સચોટ માર્ગદર્શન આપી તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ સહિતના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

એપોલો હોસ્પિટલથી બાઈક ચોરી જનાર શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૨૩

એપોલો હોસ્પિટલના પાર્કીંગમાંથી ૧૫ માર્ચે રૂ. ૭૦ હજારની કિંમતનું જીજે ૦૧ પી.એકસ ૯૨૧૩ નંબરનું હોન્ડા હોર્નેટ બાઈક ચોરી થઈ ગયું હતું. અડાલજ પોલિસ મથકમાં ફરિયાદ દાખલ થતા પી.આઈ.જે.જી. વાઘેલાની સુચનાથી તેમની ડીસ્ટાફની ટીમે હોસ્પિટલના સીસીટીવી ફુટેજ મેળવી તપાસ શરુ કરી હતી.

ફુટેજમાં દેખાયું કે બાઈક ચોરી જનાર બે શખ્સો જીજે ૦૧ એમ.ઝેડ. ૮૭૯૪ નંબરનું એકસેસ લઈને આવ્યા હતા. જે આધારે એકસેસ માલિક અદાવાદના છારાનગર વિસ્તારના શખ્સ મધ્યમ દીલીપ ગાંગડેકર સુધી પોલિસ પહોંચી હતી. તેની ઉંડી પુછપરછ કરતા બહાર આવ્યું કે મધ્યમે તેના કુબેરનગર રહેતા મિત્ર કલાપી દોલા ધમંડે સાથે મળીને બાઈક ચોરી કર્યું હતું. આ ચોરીનું બાઈક તેમણે ઈન્દીરાબ્રીજ પાસે નદી તરફ જતા રસ્તા ઉપર બાવળની ઝાડીમાં મુકયું હોવાની કબુલાત કરતા ચોરીનું બાઈક અને ચોરી કરવા વપરાયેલું એકસેસ કબ્જે કરી અડાલજ પોલિસે ઉંડી પુછપરછ હાથ ધરી છે.

ગરીબ પરિવારોનો એક માત્ર રસ્તો બંધ થઈ જતા રહીશો બંધક હાલતમાં

ચિલોડા, તા.૨૩

ચિલોડામાં સરદાર આવાસ યોજના હેઠળ પંચાયતની ગામતળ અને નીમ થયેલી જમીનમાં ગરીબ પરિવારના રહીશોના મકાનો આવેલા છે અને આંગણવાડી પણ કાર્યરત છે. પરંતુ આ જગ્યાની બાજુમાં એક બિલ્ડરની ખાનગી ફલેટ સ્કીમ તૈયાર થઈ રહી છે. આ ફલેટ સ્કીમના ભોગે બાજુમાં જ વર્ષોથી રહેતા ગરીબ પરિવારોના આવન-જાવનનો માર્ગ આ બિલ્ડર દ્વારા પાકી દિવાલ ચણી લઈ બંધ કરી દેવાયો છે. ગરીબ પરિવારોનો એક માત્ર રસ્તો બંધ થઈ જતા ભારે હોબાળો મચ્યો છે અને પંચાયત કચરીએ આ પરિવારોએ ધરણાં કરતાં સફાળા જાગેલા બિલ્ડરે બાંધકામ કર્યા પછી પંચાયતની મંજુરી માટે લેખિત અરજી કરતાં વિવાદ ઉભો થયો છે.

મુખ્ય રસ્તો બંધ થઈ જતા આ પરિવારોએ ચિલોડા ગ્રામ પંચાયત કચેરીએ પરીવાર સાથે ધરણાં ઉપર બેસી જઈ હોદ્દેદારોને ઉગ્ર રજુઆત કરી હતી. જો કે બિલ્ડરે બાંધકામ અંગેની મંજુરી મેળવેલી નથી અને બાંધકામ કરી દીધું છે. જેથી નિયમ વિરૂધ્ધ કાર્યવાહી બનતી હોઈ આ અંગે જિલ્લા સત્તાવાળા તેમજ કલેકટર કચેરી સુધી દાદ માંગવામાં આવી છે.

જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવાશે

સુવર્ણપ્રાશનના ટીપા સરકારી આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપા તા. ૨૬મી માર્ચ, ૨૦૧૮, સોમવારના રોજ સાંજના ૪.૦૦ થી ૬.૦૦ કલાક તથા તા. ૨૭મી માર્ચ, ૨૦૧૮ને મંગળવારના રોજ સવારના ૮.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે. જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું ? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે. આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૨૬ અને ૨૭મી માર્ચ, ૨૦૧૮ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણાવાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, સિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે તે ઉપરાંત માણસા તાલુકાના ચરાડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા દહેગામના રખિયાલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર આયુર્વેદ ઓપીડી શરૂ કરવામાં આવી છે. ત્યાં પણ સુવર્ણપ્રાશન શરૂ કરવામાં આવ્યું છે.